મુખ્યમંત્રી અમૃતમ"- "મા" યોજનાનો વ્યાપ વધારવા બાબત.
"મુખ્યમંત્રી અમૃત્તમ વાત્સલ્ય" યોજના

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ એફપીડબલ્યુ-૧૦૨૦૧૨-૪૭૧-બ.૧
સચિવાલય ગાંધીનગર
તા.૪ -૯ -૨૦૧૫

વંચાણે લીધાઃ-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૮/૦૪/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃ-એફપીડબલ્યુ ૧૦૨૦૧૨/૪૭૧/બ.૧

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩/૦૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ-એફપીડબલ્યુ ૧૦૨૦૧૨/૪૭૧/બ.૧

(3) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૬/૩/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ-એફપીડબલ્યુ ૧૦૨૦૧૨/૪૭૧/બ.૧

(૪) અધિક નિયામકશ્રી(પ.ક.) તા.૪-૮-૨૦૧૫ના પત્ર ક્રમાંક-પ.ક-."મા વાત્સલ્ય" યોજના રૂ.૧.૨૦/- લાખની આવક ધરાવતા લાભાર્થીઓનાસમાવેશ બાબત/૨૦૧૫

આમુખઃ-

સંદર્ભ ક્રમાંકઃ- (૧)ના ઠરાવથી ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૨થી ગરીબ રેખા હેઠળ જીવતા કુટુંબ (પાંચ વ્યકિત)ને ગંભીર બિમારીઓ માટે કુટુંબ દીઠ વાર્ષિક મહત્તમ રૂા. ૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ) સુધીની કેશલેસ સારવાર મળી રહે અને આર્થીક રીતે ખર્ચાળ એવા ગંભીર રોગોમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબને મદદરુપ થવાના હેતુથી મુખ્યમંત્રી અમૃતમમા યોજના અમલી કરેલ છે.

આ યોજનાને રાજયમાં મળેલ વ્યાપક આવકારને ધ્યાને લઇ સંદર્ભ ક્રમાંકઃ- (૨) ના ઠરાવથી રૂા. ૧.૨૦ લાખ (એક લાખ વીસ હજાર પુરા)થી ઓછી પારિવારીક વાર્ષિક આવક ધરાવતા નીચલા મધ્યમ વર્ગોના પરિવારોની તમામ મહિલાઓ અને આવા પરીવારોના ૨૧ વર્ષની વય સુધીના બાળકો-યુવાનોને ગંભીર બિમારીઓની સારવાર વિનામુલ્યે મળી રહે તે માટે "મા વાત્સલ્ય" યોજના અમલી કરેલ છે.જયારે સંદર્ભ ક્રમાંકઃ-(3) થી મધ્યમ વર્ગના પરિવાર ના ૨૧ વર્ષથી વધુ વયના પુરુષોનો સમાવેશ કરવામાં આવેલ છે.

હાલમાં "મા વાત્સલ્ય "યોજના હેઠળ લાભ મેળવવા માટે લાભાર્થીઓને વાર્ષિક રૂ. ૧.૨૦ લાખથી ઓછી આવક ધરાવતા એટલે કે, રૂ.૧,૧૯,૯૯૯/- સુધીની આવકના પ્રમાણપત્ર મેળવવાના રહે છે. આવકના દાખલા રાઉન્ડ ફીગરમાં નીકળતા હોવાથી વાર્ષિક રૂ. ૧.૨૦ લાખની આવક ધરાવતા

લાભાર્થી યોજનાના લાભોથી વંચિત રહી જાય છે. જે ધ્યાને લઈ રૂ. ૧.૨૦ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારોનો "મા વાત્સલ્ય" યોજના હેઠળ સમાવેશ કરવા અંગે કરવાની બાબત. સરકારશ્રીની વિચારણામાં હતી.

સુધારા ઠરાવઃ-

આથી પુખ્ત વિચારણાને અંતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સંદર્ભ ક્રમાંક (૧), સંદર્ભ ક્રમાંક (૨) અને (૩)ના ઠરાવમાં દર્શાવેલ રૂ. ૧.૨૦ લાખ(અંકે રૂપીયા એક લાખ વીસ હજાર પુરા)થી ઓછી પારિવારીક વાર્ષિક આવક ધરાવતાને બદલે રૂ. ૧.૨૦ લાખ (અંકે રૂપીયા એક લાખ વીસ હજાર પુરા) સુધીની પારિવારીક વાર્ષિક આવક ધરાવતા પરિવારનો સમાવેશ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

વિભાગની તાઃ-૧૩/૮/૨૦૧૪ અને તા.૨૬-૩-૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ-એફપીડબચુ/૧૦૨૦૧૨/૪૭૧/ બ.૧ની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની મળેલ તાઃ-૩૧-૮-૨૦૧૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ.જે.ભાડેશીયા)
ઉપ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન, મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન,મંત્રીશ્રી(આરોગ્ય)ના અંગત સચિવશ્રી ,સચિવાલય, ગાંધીનગર.
- માનના(આરોગ્ય)મંત્રીશ્રી.ક.રા. અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી,(આરોગ્ય),કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫,ડો, જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(પ.ક.)કમિશ્નરશ્રી(આરોગ્ય)ની કચેરી, ૫,ડો,જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(આરોગ્ય) કમિશ્નરશ્રી(આરોગ્ય)ની કચેરી, ૫,ડો,જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

- અધિક નિયામકશ્રી,(તબીબી) કમિશ્નરશ્રી(આરોગ્ય)ની કચેરી, ૫,ડો,જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર..
- અધિક નિયામકશ્રી,(ત.શિ) કમિશ્નરશ્રી(આરોગ્ય)ની કચેરી, ૫,ડો,જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- નિયામકશ્રી,ભારતીય તબીબી,અને હોમીયોપેથી,પધ્ધતિ,૧,ર્ડા, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી,તબીબી સેવાઓ કામદાર રાજય વિમા યોજના, ઇન્કમટેક્ષ ઓફીસ સામે આશ્રમરોડ, અમદાવાદ .
- નાણાં સલાહકારશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર .
- નાણા વિભાગ,બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી મહેસુલ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સર્વે સંયુકત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ઉપસચિવશ્રી
- એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટ અમદાવાદ/
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ .ગાંધીનગર/
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ
- જિલ્લા કલેકટરશ્રીઓ (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી(તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી (તમામ)
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ
- સીસ્ટમ મેનેજર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ વેબ સાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે
- સીસ્ટમ મેનેજર,કમિશ્નરશ્રીની કચેરી(આરોગ્ય) તરફ વેબ સાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે
- સેકશન અધિકારીશ્રી –મ શાખા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સીલેકટ ફાઈલ-૨૦૧૫